સુશ્રી રંજનબેન આર.વ્યાસ,સીડીપીઓ,
વર્ગ-૨, દાંતા-૧, જિ.બનાસકાંઠાનો
ફરજિયાત પ્રતીક્ષાનો સમયગાળો મંજુર
કરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
હુકમ ક્રમાંક.આઈસીડી/૧૦૨૦૨૨/૧૨૫/બ-૧,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૧/૦૨/૨૦૨૨

વંચાણે લીધા :

1) કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસની કચેરીના તા.૨૩/૧૨/૨૦૨૧નો કાર્યાલય આદેશ ક્રમાંક: નં.ગવક/મકમ/૮૯૫૩-૮૯૬૩/૨૦૨૧.
2) મહિલા અને બાળ વિકાસ વિભાગની તા.૧૨/૦૧/૨૨ની અધિસૂચના ક્રમાંક.આઈસીડી/૧૦૨૦૧૮/૨૬૪૯/બ-૧.

પ્રસ્તાવના :

વંચાણે લીધા (૧) પરના આદેશથી સુશ્રી રંજનબેન આર.વ્યાસ, બાળ વિકાસ યોજના અધિકારીને વહીવટી કારણોસર એકતરફી છૂટા કરી મૂળ વિભાગને પરત કરવામાં આવેલ હતા. વંચાણે લીધા (૨) પરની અધિસૂચનાથી સુશ્રી વ્યાસને બદલીથી દાંતા-૧, જિ.બનાસકાંઠા ખાતે નિમણૂક આપતા તેઓ તા.૧૫/૦૧/૨૨ના રોજ બદલીવાળી જગ્યાએ હાજર થયેલ હતા. આમ, સુશ્રી વ્યાસને તા.૨૪/૧૨/૨૧ થી તા.૧૪/૦૧/૨૨ સુધી ફરજિયાત પ્રતિક્ષા કરવી પડી હતી, જે અન્વયે ફરજિયાત પ્રતિક્ષાનો સમયગાળો મંજુર કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

// હુકમ //

ગુજરાત મુલ્કી સેવા (ફરજ પર જોડાવાનો સમય, ફરજમોકૂફી વગેરે) નિયમો, ૨૦૦૨ના નિયમ-૨૭(ઘ) અને ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨ના નિયમ-33 ની જોગવાઈ મુજબ, સુશ્રી રંજનબેન આર.વ્યાસ, બાળ વિકાસ યોજના અધિકારી વર્ગ-૨, દાંતા-૧, જિ.બનાસકાંઠાનો તા.૨૪/૧૨/૨૧ થી તા.૧૪/૦૧/૨૨ સુધીનો ફરજિયાત પ્રતિક્ષાનો સમયગાળો મંજૂર કરવામાં આવે છે. તેઓના ઉક્ત સમયગાળાના પગાર ભથ્થા અને અન્ય તમામ બાબતો માટેનું લિયન આઈસીડીએસ કચેરી, દાંતા, ઘટક-૧, જિ.બનાસકાંઠા ખાતે નક્કી કરવામાં આવે છે.

આ હુકમ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સચિવશ્રીની તા.૦૯/૦૨/૨૨ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ગોપાલસિંહ યાદવ)
સેક્શન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

(૧) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૨) નિયામકશ્રી(આઈસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(3) જિલ્લા વકાસ અધિકારીશ્રી, (આઈસીડીએસ), જિલ્લા પંચાયત, બનાસકાંઠા.

(૪) પ્રોગ્રામ અધિકારીશ્રી, (આઈસીડીએસ), જિલ્લા પંચાયત, બનાસકાંઠા.

(૫) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિ. બનાસકાંઠા.

(૬) સુશ્રી રંજનબેન આર.વ્યાસ, બાળ વિકાસ યોજના અધિકારી વર્ગ-૨, દાંતા-૧, જિ.બનાસકાંઠા.

(૭) નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઈલ

(૮) શાખા સિલેક્ટ ફાઈલ